જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦    ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૧/૦૮/૨૦૧૮ મંગળવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૬૧૦/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૧ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૧૪૦ લીટર દેશી દારૂ, ૧૦ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૪ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૧૧ કેસ કરી ૬૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩,૦૭,૦૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૬૧૧/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૨૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## ઘરફોડ :- સમાચાર યાદી નં.૧૬૧૨/૧૮

**સરદારનગરઃ** સમીર ચંદ્રભાઇ ગ્યાની (રહે. ચંદ્રભા સોસાયટી જી.વોર્ડ કુબેરનગર સરદારનગર) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૮/૧૮ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે કુબેરનગર મયુર એંટરપ્રાઇઝ દુકાનના ધાબા ઉપરની ગ્રીલ તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, રોકડ રૂપિયા ૪૦ થી ૫૦ હજાર ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.ઠાકોર ચલાવે છે.

## સોનાનો દોરો ખેચી તોડી લઇ ગયા :- સમાચાર યાદી નં.૧૬૧૩/૧૮

**પાલડીઃ** ધીરુમલ મુલ્તાનમુલ (ઉ.વ.૬૪) (રહે. શાંતિનાથ એપર્ટમેન્ટ વેજલપુર બસ સ્ટેન્ડની બાજુમા વેજલપુર) તા.૨૦/૮/૧૮ કલાક ૮/૩૦ વાગ્યાના સુમારે પત્ની સાથે અંજલી ચાર રસ્તાથી ચંદ્રનગર તરફ જતા ક્લીયરવિઝન હોસ્પીટલ આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ધીરૂમલ મુલ્તાનમુલ ના પત્નીના ગળામાંથી સોનાની ચેઈન કિંમત રૂપિયા ૩૬,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ધીરુમલ મુલ્તાનમુલ એ પાલડી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પ્રો.પો.સ.ઇ.શ્રી એ.એસ.ગરચર ચલાવે છે.

**<u>ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૬૧૪/૧૮</u>**

**નારોલઃ** મોહનભાઇ કુલાભાઇ ઠાકોર (રહે.શ્રીનાથ એસ્ટેટ બુધાજીનો કુવો, કાદમાવાલા ફેકટરી સામે નારોલ) એ તા.૨૦/૮/૧૮ નારોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૯/૮/૧૮ રાતના ૧૧/૦૦ થી તા.૧૦/૮/૧૮ કલાક ૫/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ખુલ્લા ઘરમાંથી સોના-ચાંદીના દાગીના મળી કુલ રૂપિયા ૮૫,૫૦૦/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જી.બ્રીદ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.